**૨૮** Teaching-non Teaching ના ભથ્થાઓ મળે છે ?

**ઉત્તરઃ૨૮** હાજી.

**શ્રી ગૌરાંગભાઈ વૈદ્યે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ** તા. ૨૯ – ૯ – ૧૯૯૮ની સિન્ડિકેટની સભાની બાબત ક્રમાંક : ૨૧માં નિર્દિષ્ટ યુનિવર્સિટીમાં કેટલી ચેર પ્રકલ્પ
**૨૯** પ્રવૃત્તિઓનું સંચાલન થાય છે ?

તેના સંચાલન કરતા ઈન્ચાર્જ અધ્યાપકોને માસિક કેટલું મહનતાણું ચૂકવવા ઠરાવેલ છે ?

તે તમામને ચૂકવવામાં આવેલ છે ? કોની ચૂકવણી બાકી છે ? કેટલી ?

તેની ચૂકવણી બાબતે મુખ્ય હિસાબી અધિકારીએ તા. ૧૮ – ૨ – ૨૦૦૮ના રોજ દરખાસ્ત મંજૂર કરવા કરેલી ભલામણ શું છે ? ભલામણ મંજૂર કરવામાં આવી કે નામંજૂર કરવામાં આવી ?

આવી ચૂકવણીને સમય મર્યાદાનો બાધ આવે છે ?

સમય મર્યાદાનો બાધ આવતો હોય તેવો કોઈ ઠરાવ સિન્ડિકેટે કરેલો છે ?

કઈ તારીખની સભામાં ? કયા ઠરાવથી ?

હિસાબી અધિકારીએ તા. ૧૮ – ૨ – ૨૦૦૮ના રોજ દરખાસ્ત મંજૂર કરવા કરેલી ભલામણ ના પ્રત્યુત્તરમાં તા. ૧૨–૧–૨૦૦૯ના પત્રાંક : હિસાબી/ ૩૬૭/ ૨૦૦૮થી કુલસચિવશ્રીએ ચૂકવવાપાત્ર મહેનતાણું તા. ૧–૧–૧૯૯૯થી તા. ૩૧ – ૧ – ૨૦૦૬ સુધીનું હોય જે સમય મર્યાદા બાદ ચૂકવી શકાય નહિ એવું કોના આદેશથી જણાવ્યું છે ?

આદેશ આપનારે કયા આધારે આદેશ આપ્યો ?

**ઉત્તરઃ૨૯** તા. ૨૯/૯/૧૯૯૮ની સિન્ડિકેટની સભાની બાબત ક્રમાંકઃ (૨૧) માં નિર્દિષ્ટ યુનિવર્સિટીમાં એક ચેર પ્રકલ્પ પ્રવૃતિઓની સંચાલન થાય છે. તેના સંચાલન કરતા ઈન્ચાર્જ અધ્યાપકોને માસિક ૧૦૦૦ મહેનતાણું તા.૧/૮/૧૯૯૭થી ચુકવવા ઠરાવેલ છે. તમામની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી કેતનભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટનાં નાં Carrear advancement ના ૨૦૦૭, ૨૦૦૮ ની અરજીઓના નીકાલ સંદર્ભે કોઈ
૩૦ નિર્ણય લેવાયો છે ?

**ઉત્તરઃ૩૦** વહીવટી મંજુરી હેઠળ અમલ કરવા કાર્યવાહી ચાલુ છે.

**શ્રી ગૌરાંગભાઈ વૈદ્યે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટીએ વાપી અચ્છારીવાલા મેનેજમેન્ટને (છેલ્લા બે વર્ષમાં) કરેલ દંડની કેટલી રકમ પરત કરી.
૩૧

**ઉત્તરઃ૩૧** પ્રસ્તુત કોલેજને રૂા. ૫,૩૮,૭૭૦/– ની રકમ પરત કરી છે.

**શ્રી કેતનભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટી કેમ્પસમાં રહેતાં સ્ટાફના કર્વાટર્સમાં Separate Meter ની સવલત નથી ? કોમન લાઈટની સવગડ
૩૨ યુનિવર્સિટી આપે છે ?

**ઉત્તરઃ૩૨** – સેપરેટ મીટરની સવલત છે.
– હાજી.

**શ્રી ગૌરાંગભાઈ વૈદ્યે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટીના ઠરાવોનું સતત ઉલ્લંઘન કરવા બદલ યુનિવર્સિટીએ વાપી અચ્છારીવાલા મેનેજમેન્ટના બે અભ્યાસક્રમો
૩૩ (તેના પેપર ફૂટવાની ઘટના પછી) નું જોડાણ ક્રમશઃ બંધ કરવાનું ઠરાવેલ હતુ તો તે બે અભ્યાસક્રમ કયા ? શું હાલ તે અભ્યાસક્રમોના જોડાણો પાછા યુનિવર્સિટીએ આપી દીધા છે ?

**ઉત્તરઃ૩૩** – બી. સી. એ. અને બી. કોમ.,
– હા

**શ્રી કેતનભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ૩૪(A)** શું **Ground** માટે **Permanent** કે **Contract Base** પર **Ground men** રાખ્યો છે ?

**ઉત્તરઃ૩૪(A)** નાજી.

**પ્રશ્નઃ૩૪(B)** દર વર્ષે **Athletic** ના કાર્ય માટે **Referee** તરીકે શું **Qualified member** ની **Appointment** થાય છે ? જો – હા તો બહારના **Referee** તરીકે કયાં કયાં અને કેટલા અને **South Gujarat** ના કેટલા ?

**ઉત્તરઃ૩૪(B)** – હાજી.
– બધા જ **Referees South Gujarat** ના હોય છે.

**શ્રી ગૌરાંગભાઈ વૈદ્યે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ ૩૫** વાપીની અચ્છારીવાલા મેનેજમેન્ટ સંચાલિત કોમર્સ કોલેજમાં પ્રશ્નપત્ર ફૂટવાની ઘટનામાં કસ્ટોડીયન તરીકે લાપરવાહી બદલ યુનિવર્સિટીએ કેયુર નાયકને શું સજા કરી.

**ઉત્તરઃ૩૫** સદર મેટર સબજયુડીસ હોય ઉત્તર આપવાનો રહેતો નથી.

**શ્રી કેતનભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ ૩૬** અગાઉની સેનેટમાં પૂછેલો પ્રશ્ન જેમ કે યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટો નાં **P F / C P F** નો પ્રશ્ન હલ થયો છે ?

**ઉત્તરઃ૩૬** યુનિવર્સિટી ડિર્પામેન્ટોના **P F / C P F** નો પ્રશ્ન અંગે કમિટી કાર્યરત છે.

**શ્રી ગૌરાંગભાઈ વૈદ્યે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્નઃ ૩૭** કુલપતિ ડૉ. પ્રજાપતિ સાહેબે વર્ષે ૨૦૦૮માં એમ.કોમ. પ્રથમ વર્ષમાં સત્તા બહાર ભરૂચ કોલેજના પીજી સેનટરમાં સીધા કેટલા પ્રવેશ આપ્યા ? આ પ્રવેશો તેમણે કઈ સત્તાની રૂએ કર્યો ? તે સેન્ટરમાં અગાઉ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ લીધેલા અન્ય વધુ ટકા વાળા વિદ્યાર્થીઓએ કુલપતિએ આપેલ પ્રવેશવાળા વિદ્યાર્થીઓ કરતા વધુ ટકા હોવા છતા તેમની પાસે હાયર પેમેન્ટ ફી લીધી છે અને ઓછા ટકાવાળા વિદ્યાર્થીઓને લોઅર પેમેનટમાં કુલપતિએ સીધા પ્રવેશો મેરીટને ઘ્યાને લીધા વગર આપ્યાની યુનિવર્સિટીને ફરિયાદ કરી છે તે સંબંધે યુનિવર્સિટી એ શું કાર્યવાહી કરી ? વધુ ટકાવાળા વિદ્યાર્થીઓની પાસે લીધેલી હાયર પેમેન્ટ ફી પરત કરી? વધુ ટકાવાળા વિદ્યાર્થીઓને લોઅર પેમેન્ટમાં ટ્રાન્સફર કર્યા ?

**ઉત્તરઃ૩૭** મા. કુલપતિશ્રીએ સીધા કોઈ પ્રવેશ આપેલ નથી.

**શ્રી કેતનભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન :૩૮** આ વર્ષે કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટમાં **M. Phil** ની **Exam** માં કુલ કેટલાં વિદ્યાર્થી પાસ થયેલ હતાં ?

**ઉત્તર:૩૮** શૈ. વર્ષ : ૨૦૦૮ – ૦૯ કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટમાં **M. Phil ની Exam માં કુલ** ૨૧ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે.

**પ્રશ્ન :૩૮ A** **M. Phil** ના **admission** માટે કોઈ ડીપાર્ટમેન્ટલ કમીટી છે ? જો– હા તો

**ઉત્તર:૩૮A** હા, **M. Phil** ના **admission** માટે **DRSC** કમીટી છે.

**પ્રશ્ન :૩૮B** એ કમીટી માત્ર યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટ પુરતી સીમીત કેમ ?

**ઉત્તર:૩૮B** એમ. ફિલ રૂલ્સ ૬ ના પ્રમાણે.

**પ્રશ્ન :૩૮C** કેટલાં વિદ્યાર્થીઓને **M. Phil** ના એડમીશન મળ્યાં ? કેટલા **M. Phil Guide** ને **Student** નથી મળ્યાં ?

**ઉત્તર:૩૮C** એમ.ફિલ. માં ૩૪૭ વિદ્યાર્થીને એડમીશન મળેલ છે. પ્રથમ વર્ષે કન્ટેન કોર્ષ હોવાથી ગાઈડ ફાળવવામાં આવતા નથી. બીજા વર્ષમાં ગાઈડ ફાળવવામાં આવે છે પરંતુ **DRSC** ભલામણ મુજબ **Ph. D** માર્ગદર્શક શિક્ષક અને **Ph. D** પદવી ધારકને ગાઈડ ફાળવવામાં આવે છે.

**શ્રી ગૌરાંગભાઈ વૈદ્યેનીચેના પ્રશ્નો પૂછવાની નોટીસ આપી છે. (૩૯ થી ૮૪)**

**પ્રશ્ન: ૩૯** યુનિવર્સિટીએ કાર કોન્ટ્રાકટર સમીર નાયક સામે પોલીસ કેસ કર્યા બાદ કેટલા રૂપિયાના બિલ મંજૂર કર્યા ? અને કેટલી રકમ ચૂકવી.

**ઉત્તર:૩૯** યુનિવર્સિટીએ કાર કોન્ટ્રાકટર સમીર નાયક સામે પોલીસ કેસ કર્યા બાદ રૂા. ૮, ૪૪, ૧૦૫/ –ની ચૂકવણી કરવામાં આવી છે.

**પ્રશ્ન: ૪૦** યુનિવર્સિટીએ કાર કોન્ટ્રાકટર સમીર નાકય ને બ્લેક લિસ્ટ કર્યા છતા તેનું ટેન્ડર ફોર્મ યુનિવર્સિટીના છેલ્લા ટેન્ડર વખતે સ્વીકારેલ કે કેમ ? જો હા તો કયા કારણોસર ?

**ઉત્તર:૪૦** યુનિવર્સિટીએ કાર કોન્ટ્રાકટર સમીર નાયકને બ્લેક લિસ્ટ કર્યા અંગેનો સિન્ડિકેટની તા. ૨–૭–૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : ૫ થી કોન્ટ્રાકટ રદ્ર કરવામાં આવ્યો હતો. જે ઠરાવ સિન્ડિકેટની તા. ૯–૫–૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૩ થી ઉપરોક્ત ઠરાવ ક્રમાંક : ૫ રદ્ર કરવામાં આવ્યો હતો જે કારણોસર ટેન્ડર સ્વીકારવામાં આવેલ હતું.

**પ્રશ્ન: ૪૧** કાર કોન્ટ્રાકટર સમીર નાયકે તત્કાલીન ઉપકુલપતિની સમાચાર માઘ્યમમાં બદનામી કરવા બદલ તેની સામે બદનક્ષી ફરિયાદ કરવાનું સિન્ડિકેટે ઠરાવેલ તેનું રજીસ્ટ્રારએ પાલન કરેલ છે કે કેમ ?

**ઉત્તર:૪૧** સિન્ડિકેટ દ્વારા તેની તા. ૨–૭–૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : ૫ અન્વયે ઠરાવ કરેલ હોઈ જે મુજબ કોન્ટ્રાકટર સાંઈરથ ટ્રાવેલર્સ વિરુદ્ધ ઉમરા પોલીસ સ્ટેશનમાં I/ ગુ. ર. નં. ૫૦૯/ ૦૭ ઈ. પી. કો. ક. ૪૦૬, ૪૬૫, ૪૬૭ તથા ૪૭૧ અંતર્ગત ફોજદારી ફરિયાદ દાખલ કરેલ છે.

**પ્રશ્ન: ૪૨** યુનિવર્સિટીના ગત સીકયુરીટી કોન્ટ્રાકટર સાથેની કોન્ટ્રાકટની શરતો અનુસાર તેણે સીકયુરીટીમાં હોમગાર્ડ મુકવાના રહેશે અને આથી વધુ ભાવ હોવા છતા તેને યુનિવર્સિટીએ કોન્ટ્રાકટ આપેલ હતો. તો ખરેખર કેટલા હોમગાર્ડ રાખ્યા હતા ? તેમના નામો આપશો.

**ઉત્તર:૪૨** પ્રસ્તુત પ્રશ્ન બાબતે યુનિવર્સિટીના સિકયુરીટી કોન્ટ્રાકટર સાથે કરવામાં આવેલ કોન્ટ્રાકટની શરતમાં સિકયુરીટીમાં હોમગાર્ડ મૂકવાની કોઈ શરત નથી.

**પ્રશ્ન: ૪૩** રજીસ્ટ્રાર જે.આર.મહેતા એ રજીસ્ટ્રાર તરીકે હાજર થયા પછી પગારમાં શું એચ.આર.એ. લીધેલ છે કે કેમ?

**ઉત્તર:૪૩** રજીસ્ટ્રારશ્રી જે. આર. મહેતાને રજીસ્ટ્રાર તરીકે હાજર થયા પછી યુનિવર્સિટી દ્વારા રહેઠાણ ફાળવેલ ન હોય એચ. આર. એ.ની રકમ નિયમાનુસાર રૂા. ૬૩, ૬૬૩/– (મે ૨૦૦૬ થી જુલાઈ ૨૦૦૮) ની રકમ ચૂકવવામાં આવી છે.

**પ્રશ્નઃ ૪૪** યુનિવર્સિટીના સિન્ડિકેટના ઠરાવ અનુસાર દક્ષિણ ગુજરાતના કાર્યક્ષેત્ર બહાર કોઈ પણ સ્વનિર્ભર કોલેજને નવું જોડાણ આપવું નહિં કે નવા જોડાણ માટેની અરજી આપવી નહી તો કુલપતિ ડૉ. કોઠારીએ હોમિયોપેથીક પાઠક કોલેજ વડોદરાને કઈ સત્તાની રૂએ સિન્ડિકેટની જાણ બહાર અને યુનિવર્સિટીના ડેપ્યુટી રજીસ્ટ્રાર અને ઈ.ચા. રજીસ્ટ્રારની જાણ બહાર જોડાણની અરજી આપી હતી ? યુનિવર્સિટીએ વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે આ કોલેજને જોડાણની અરજી આપેલ છે કે કેમ ?

**ઉત્તરઃ૪૪** મા. કુલપતિશ્રીના અબાધિત અધિકાર મુજબ.

**પ્રશ્નઃ ૪૫** ગત વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે જુદા જુદા અન્ડર ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ કોલેજના જોડાણ માટે ગયેલી સ્થાનિક તપાસસમિતિમાં જુદા જુદા સિન્ડિકેટ સભ્યોની કુલપતિએ કેટલી સમિતિમાં નિમણૂક કરી હતી ? તેની સંખ્યા આપશો.

**ઉત્તરઃ૪૫** ગત વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે અન્ડર ગ્રેજયુએટ ૧૭૯ સ્થાનિક તપાસસમિતિ પૈકી ૧૩૩ અને પોસ્ટ ગ્રેજયુએટમાં કુલ ૩૨ સ્થાનિક તપાસસમિતિ પૈકી ૨૩ સમિતિમાં સિન્ડિકેટ સભ્યોનો સમાવેશ થાય છે.

**પ્રશ્નઃ ૪૬** ગત વર્ષ : ૨૦૦૮– ૦૯માં જુદા સિન્ડિકેટ સભ્યોએ યુનિવર્સિટી પાસેથી લીધેલ ટી.એ.ડી.એ.ની કુલ રકમ જણાવશો.

**ઉત્તરઃ૪૬** ગત વર્ષ : ૨૦૦૮–૦૯ માં જુદા સિન્ડિકેટ સભ્યોએ યુનિવર્સિટી પાસેથી લીધેલ ટી.એ.ડી.એ. ની કુલ રકમ રૂા.૧૬,૧૦૩/–.

**પ્રશ્નઃ ૪૭** ગત વર્ષે બોગસ ડીગ્રી સર્ટીફિકેટ કૌભાંડ સંદર્ભે ગૌરાંગ વૈધએ કુલપતિને કરેલ ફરિયાદ બાદ યુનિવર્સિટીએ કરેલી પોલીસ ફરિયાદ માં શું પ્રગતિ થઈ છે. યુનિવર્સિટીએ તે અંગે શું ફોલો અપ કર્યુ તે અંગે પોલીસ ને કોઈ પત્ર લખ્યા હોય તો તેની માહિતી અને નકલ આપશો.

**ઉત્તરઃ૪૭** સબજયુડીશ છે, અંતિમ નિર્ણય થયેલ નથી.

**પ્રશ્નઃ ૪૮** ગત વર્ષે બોગસ માર્કસશીટ કૌભાંડ સંદર્ભે ગૌરાંગ વૈદ્યએ કુલપતિને કરેલ ફરિયાદ બાદ યુનિવર્સિટીએ પોલીસ ફરિયાદમાં કેટલી માર્કશીટની ફરિયાદ કરી હતી. ત્યાર બાદ તે સિવાય અન્ય કેટલી બોગસ માર્કશીટ પકડાઈ ? શું તેમા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી કે કેમ ? તેની માહિતી અને નકલ આપશો.

**ઉત્તરઃ૪૮** વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ માં પરીક્ષા વિભાગનાં ટાઇપીગ વિભાગમાંથી કુલ સાત (૭) જેટલા કિસ્સાઓ બોગસ માર્કશીટોનાં આવેલ જેમાં પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. આગળની કાર્યવાહી પેન્ડીગ છે.

**પ્રશ્નઃ ૪૯** યુનિવર્સિટીએ વર્ષઃ ૨૦૦૬–૦૭માં બી.યુ.ટી., એ.સી., સિન્ડિકેટમાં ઠરાવ કરી યુનિવર્સિટી પોતાના ફંડમાંથી ગુજરાતી ડિપાર્ટમેન્ટ શરૂ કરવા અને એક લેકચરર અને એક રીડરની પોસ્ટ મંજુર કરાવવા ઠરાવ કરેલો. અને તેના અંતર્ગત એક લેકચરર અને એક રીડરની પોસ્ટ ભરવા માટે જાહેરાત આપી હતી. તે અંગેનું બજેટ પણ મંજુર કરેલું હતું તો તે કયા કારણસર આજે ત્રણ વર્ષથી રોકવામાં આવેલ છે ? સિન્ડિકેટના ઠરાવ પછી કયા અધિકારીના આદેશથી તે રોકવામાં આવેલ છે ? જે વ્યકિતઓએ જાહેરાતને આધારે યુનિવર્સિટીને આ જગ્યાઓ માટે અરજી કરી હતી તેમની પાસેથી લીધેલી રકમ/ પૈસા પરત કર્યા છે કે કેમ ? કયા કારણથી ઈનટરવ્યું કરવામાં આવતા નથી ?

**ઉત્તરઃ૪૯** પ્રસ્તુત બાબતે યુનિવર્સિટી ધ્વારા તા.૨૧–૫–૨૦૦૭ ના રોજ જાહેરાત આપી હતી અને અરજી ફોર્મ મંગાવેલ. અનામત નીતિ બાબતે તે જાહેરાત સિન્ડિકેટની તા.૧૩–૧૨–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૯ થી રદ્ કરેલ છે.

**પ્રશ્નઃ ૫૦** યુનિવર્સિટીએ ડીસેમ્બર ૨૦૦૬માં યુનિવર્સિટીના જુદા જુદા સ્વનિર્ભર અભ્યાસક્રમો માટેની નોન ટીચીંગ પોસ્ટને (સિન્ડિકેટમાં મંજુર કર્યા બાદ) જાહેરાત આપી અરજીઓ મંગાવી હતી તેના ઈન્ટરવ્યું ને હજી સુધી કરવામાં આવેલા નથી તો તે કયા કારણસર તે જણાવશો. તેમાં જુદા જુદા પોસ્ટ માટે કેટલી અરજીઓ આવી હતી ? અને સ્ક્રુટીની થઈ ગયા પછી તે આજ દિન સુધી ભરવામાં આવી નથી તો અરજી કરનારે અરજીફોર્મ સાથે ભરેલી રકમ પરત કરી છે કે કેમ ?

**ઉત્તરઃ૫૦** હાલ યુનિવર્સિટી ધ્વારા હાલ પરીક્ષા નિયામક, નાયબ કુલસચિવ, મદદનીશ કુલસચિવ અને મદદનીશ ગ્રંથપાલ વગેરેની જગ્યાની ભરતી નવેમ્બર–૨૦૦૮માં પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ હવે નોનટીચીંગ સ્વનિર્ભરની જગ્યાઓના ઈન્ટરવ્યુ ચૂંટણીની આચારસંહિતા લાગુ પડેલ હોય કોઈ કાર્યવાહી થાય તેમ નથી.

**પ્રશ્નઃ ૫૧** યુનિવર્સિટી તેની જુદી જુદી વહીવટી જગ્યાઓ જેવી ડેપ્યુટી રજીસ્ટ્રાર, પરીક્ષા નિયામક, રજીસ્ટ્રાર વગેરે માટે અરજી કરનાર ઉમેદવારની એડહોક ધોરણે કરેલી નોકરીને અનુભવ તરીકે ગણે છે કે કેમ ?

**ઉત્તરઃ૫૧** નિયમાનુસાર અનુભવ ધ્યાને લીધેલ છે.

**પ્રશ્નઃ ૫૨** યુનિવર્સિટીએ ડૉ. હિરાધરને લીયન આપ્યુ ન હતું તો આગળની નોકરીમાંથી તેમનું રાજીનામું ગણવાનું થાય તો તેમને રાજીનામાને જોતા કુલ કેટલી રકમ અને લીવના પૈસા ચુકવવામાં આવ્યા છે ?

**ઉત્તરઃ૫૨** યુનિવર્સિટીએ ડૉ. હિરાધરને લીવએન્કેશમેન્ટ પેટે રૂા. ૪,૦૮,૩૬૦/– પી.એફ. ના રૂા.૭,૦૭,૧૪૮/– અને ગ્રેજયુઈટી પેટે રૂા.૩,૫૦,૦૦૦/– ચૂકવવામાં આવેલ છે.

**પ્રશ્નઃ ૫૩** યુનિવર્સિટી ગણિત વિભાગના વડા ડૉ. ભાઠાવાલાએ વર્ષઃ ૨૦૦૬–૦૭માં પ્રિયંકા પટેલ નામની વિદ્યાર્થીની હાજરી માત્ર **42%** હોવા છતા તેનું પરીક્ષાનું ફોર્મ યુનિવર્સિટી કુલપતિને જાણ બહાર અને સિન્ડિકેટ સમક્ષ લાવ્યા વગર સીધુ તેની ગેરહાજરીને અવગણીને ઓર્ડિનન્સનો ભંગ કરી યુનિવર્સિટીને મોકલી આપેલ હતી. શું ડૉ. ભાઠાવાલાને આ અંગે કોઈ સત્તા હતી કે કેમ ? યુનિવર્સિટીએ તેમને શું શિક્ષા કરી ?

**ઉત્તરઃ૫૩** નામદાર ન્યાયાલયના આદેશાનુસાર.

**પ્રશ્નઃ ૫૪** ડૉ. વિપુલ સોમાણી ચુંટાયેલા શિક્ષકના પ્રતિનિધી તરીકે અને હોદ્દાગત સેનેટનું સેનેટ સભ્યપદ ધરાવે છે ત્યારે કુલપતિએ તેમનું સેનેટ સભ્ય પદ જાતે રદ્દ કરેલુ હતુ તે સંદર્ભે તેઓ હાઈકોર્ટમાં ગયા હતા અને હાઈકોર્ટ તેમના બંને સેનેટ સભ્યપદ ચાલુ રાખવા ઓર્ડર કરેલ તો તે વખતે તે નિર્ણય લેનાર કુલપતિ કોણ હતા ? શું કુલપતિએ લીગલ ઓપીનીયન લઈને તે નિર્ણય લીધો હતો ?

**ઉત્તરઃ૫૪** – ડૉ. રમેશચંદ્ર કોઠારી.
– નાજી.

**પ્રશ્નઃ ૫૫** યુનિવર્સિટીના વહીવટમાં પારદર્શકતા લાવવા અધિકારીઓના ઓફિસના બારણાઓને પારદર્શક કાચ લગાવવામાં આવ્યા છે તો આ નિર્ણય કોનો છે ? કયા કારણોસર રજીસ્ટ્રારના બારણાને પારદર્શક કાચ લગાવવામાં આવ્યા નથી ? તેમના ઓફિસનો વહીવટી પારદર્શક હોવો જોઈએ નહી ?

**ઉત્તરઃ૫૫** વહીવટી બાબત મા. કુલપતિશ્રીની સૂચના અનુસાર.

**પ્રશ્નઃ ૫૫** **(A)** યુનિવર્સિટીએ છેલ્લે થયેલા ડેપ્યુટી રજીસ્ટ્રારની પોસ્ટના ઈન્ટરવ્યુંમાં ભરૂચના પ્રા. દીપીકા શાહને એડહોક બતાવી નોટ એલીજીબલ કરી ઈન્ટરવ્યુમાં બોલાવેલા નથી (વાસ્તવમાં તેઓ કયારે પણ એડહોક ધોરણે હતા જ નહી) તો કયા કારણોસર સમગ્ર નોકરી જેમની એડહોક છે તેવા પરીક્ષા નિયામકશ્રી ધડુકને કયા આધારે એલીજીબલ પણ કર્યા અને પસંદ પણ કર્યા ?

**ઉત્તરઃ૫૫** (A) નાયબ કુલસચિવની આવેલ અરજીઓ સ્કુટિની કમિટિ ધ્વારા સ્કુટીનાઈઝડ કરવામાં આવે છે તે મુજબ.

**પ્રશ્નઃ ૫૬** યુનિવર્સિટીના છેલ્લે જુદી જુદી કાયમી ટીચીગ અને નોન ટીચીગ પોસ્ટ માટે થયેલા ઈનટરવ્યુંમાં સ્ક્રુટીની કમિટીમાં કોણ કોણ હતા ? તેમના જુદી જુદી કાયમી ટીચીગ અને નોન ટીચીગ પોસ્ટ પ્રમાણે કમીટીના નામ આપશો.

**ઉત્તરઃ૫૬** પ્રસ્તુત માહિતી સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

**પ્રશ્નઃ ૫૭** યુનિવર્સિટીના છેલ્લે થયેલા ડેપ્યુટી રજીસ્ટ્રાર, લેકચરર ઈન કંમ્પેરેટીવ લીટરેચર, લેકચરર ઈન ઈંગ્લીશમાં સ્ક્રુટીની કમીટીમાં કોણ કોણ હતા ? આ સ્ક્રુટીની કમિટિએ એલીજીબલ અને નોટ એલીજીબલની તૈયાર કરેલ તેમની સહી સાથેની નોંધની નકલ આપશો.

**ઉત્તરઃ૫૭** પ્રસ્તુત માહિતી સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

**પ્રશ્નઃ ૫૮** યુનિવર્સિટીના છેલ્લે થયેલા આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર અને તેની નીચેની કેડર માટેની પોસ્ટમાં રજીસ્ટ્રાર જે.આર.મહેતા ઈન્ટરવ્યુંમાં બેઠા હતા કે કેમ ? યુનિવર્સિટીએ આ પસંદગી માટે સિન્ડિકેટે બનાવેલી સ્ટાફ સ્ટેન્ડિંગની કમિટી બોલાવી હતી ? જો ના તો કયા કારણોસર અને તે અંગે જનરલ સકેશને મુકેલી નોંધની નકલ આપશો.

**ઉત્તરઃ૫૮** મા. કુલપતિશ્રીના આદેશાનુસાર પસંદગી સમીતીના સેક્રેટરી તરીકે હાજર હતા.

**પ્રશ્નઃ ૫૯** યુનિવર્સિટીનો સીકયુરીટી કોન્ટ્રાકટ ડિસેમ્બર ૨૦૦૮માં પુરો થતો હતો. નવા આવેલા ટેન્ડર ખોલવાની પ્રક્રિયા ડિસેમ્બર ૨૦૦૮ અગાઉ થઈ ગયા છતા ડિસેમ્બર ૨૦૦૮ પછી જુના કોન્ટ્રાકટરને આજ દિન સુધી ચાલુ રાખવા માટેનો નિર્ણય કોણે લીધો ? એકટની કલમ **11/4** માં તેનો નિર્ણય લીધો છે ? જો હા તો સુધી સિન્ડિકેટની છેલ્લી સભામાં તેની જાણ કરવામાં આવેલ છે ? જો ના તો કયા કારણોસર ? છેલ્લી સિન્ડિકેટની **4/ 2/ 09** ની મીટીગમાં જેને કોન્ટ્રાકટ આપવાનું ઠરાવેલ હોય તે પાર્ટીને આજની તારીખે કોન્ટ્રાકટ આપેલ છે કે કેમ ? નથી આપ્યો તો કયા કારણોસર ?

**ઉત્તરઃ૫૯** નવા ટેન્ડર મંગાવીને ખોલવાની પ્રક્રિયા ડિસેમ્બર – ૨૦૦૮માં કરવામાં આવી હતી. હાલના કોન્ટ્રાકટની મુદત તા. ૧૫ – ૧૨ – ૦૮ના રોજ પૂર્ણ થતી હતી. જે નવો કોન્ટ્રાકટ આપવામાં આવે તે સમયગાળા દરમ્યાન કેમ્પસ પરની વ્યવસ્થા ખોરવાઈ ન જાય તે હેતુસર હાલનો કોન્ટ્રાકટ નવી એજન્સી નકકી થાય ત્યાં સુધીના સમય માટે ચાલુ રાખવા મા. કુલપતિશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવેલ હતો. સિન્ડિકેટની તા. ૪ –૨– ૨૦૦૯ની મીટીગમાં નવો કોન્ટ્રાકટ આપવા અંગેની ભલામણ અનુસાર આખરી નિર્ણય લેવાની કાર્યવાહી ચાલુ છે.

**પ્રશ્નઃ ૬૦** યુનિવર્સિટીનો છેલ્લો સીકયુરીટી કોન્ટ્રાકટ આપવા સંબંધે ફાઈનાન્સ સમિતિના ઠરાવની નકલ આપશો. કયા કારણોસર ફાયનાન્સ સમિતિએ એલ.**1** (ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ ભરનાર)ને બાયપાસ કરીને અને તેની સાથે વાટાઘાટો કર્યા વગર એલ**. 2** સાથે વાટાઘાટો કરી હતી અને સીધા એલ.**2** ને કોનટ્રાકટ આપવા સિન્ડિકટને ભલામણ કરી હતી.

**ઉત્તરઃ૬૦** નાણાં સમિતિમાં નકકી થયા મુજબ એલ**. 2** સાથે વાટાઘાટો કરેલ વાટાઘાટો સાથેના રીવાઈઝડ પત્રકને સિન્ડિકેટ સમક્ષ યોગ્ય નિર્ણય લેવાનું ઠરાવવામાં આવ્યું હતું. કોન્ટ્રાકટ આપવા ભલામણ કરેલ નથી. સિન્ડિકેટની તા. ૪ – ૨ –૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૦ મુજબ અમલની કાર્યવાહી કરેલ છે.

**પ્રશ્નઃ ૬૧** યુનિવર્સિટીએ પરીક્ષાનું પરિણામ તૈયાર કરનાર કીર્તી પટેલને અત્યાર સુધી પરિણામ તૈયાર કરવા માટે પરીક્ષા વાઈઝ કુલ કેટલા પૈસા ચુકવ્યા છે. ઓકટોબર **2007** થી અત્યાર સુધી પરીક્ષા વાઈઝ માહિતી આપશો.

**ઉત્તરઃ૬૧** યુનિવર્સિટીએ પરીક્ષાનું પરિણામ તૈયાર કરનાર કીર્તી પટેલને ઓકટોબર ૨૦૦૭થી અત્યાર સુધી પરિણામ તૈયાર કરવા માટે રૂા. ૭,૦૦,૦૦૦/– ની ચુકવણી કરવામાં આવે છે.

**પ્રશ્નઃ૬૨** અત્યાર સુધી આરટીઆઈમાં કેટલી અરજીઓ આવી છે ? કેટલાનો જવાબ આપ્યો નથી ? કેટલામાં અધુરા જવાબ આપવામાં આવેલ છે ? કેટલી અરજીઓ પેન્ડીગ છે.

**ઉત્તરઃ૬૨**
– અત્યાર સુધી આર. ટી. આઈ.માં ૫૨૨ અરજીઓ આવી છે.
– તમામ અરજીનો જવાબ આપેલ છે.
– નાજી.
– નાજી.

**પ્રશ્નઃ ૬૩** ધર્મિષ્ઠાબેન વકાણીના પુનઃ મૂલ્યાંકનના કિસ્સામાં પ્રિ. મહીડા સમિતિએ જેની સામે આરોપો મુકયા છે તે પૈકી તમામના નિવેદન લીધા હતા કે કેમ ?

**ઉત્તરઃ૬૩** મેટર સબજયુડીશિયલ.

**પ્રશ્નઃ ૬૪** કુલપતિશ્રી ડૉ. કોઠારીએ અને કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ છેલ્લા વર્ષમાં લીધેલા **11/4** ના નિર્ણયોની યાદી આપશો.

**ઉત્તરઃ૬૪** છેલ્લું વર્ષઃ ૨૦૦૭–૦૮માં કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ લીધેલા **11/4** ના નિર્ણયની લાગુ પડતી નથી.

**પ્રશ્નઃ ૬૫** ગત વર્ષે **2008** માં મેડીકલની કેટલીક પરીક્ષામાં એકટની જોગવાઈ **47** નો ભંગ કરીને પરીક્ષકોના નામ પાછળથી બદલવામાં આવેલા છે આ સંદર્ભે એક સેનેટ સભ્યએ પણ માહિતી માંગી છે પણ તેની માહિતી આપવામાં આવતી નથી. શું એકઝામિનર એપોઈનટીગ કમીટી **47/** એ અંતર્ગત નકકી કરેલા પરીક્ષકોના નામ જે એકેડેમીક કાઉન્સીલમાંથી પસાર કર્યા પછી કોઈ બદલી શકે ? અને જો બદલી શકે તો તે અંગે કારણો આપેલા હોય તો તેની નકલ આપશો. પરીક્ષા વિભાગ બ્રાંચ એ ના જવાબદાર કર્મચારીઓએ આ સંબંધે મુકેલ નોટીગ મુકેલ નથી તો તે સંબંધે જેમણે આદેશ કર્યો હોય તેની નકલ આપશો.

**ઉત્તરઃ૬૫**
- હાજી, **Act. 47/ A (2)** મુજબ.
- જરૂરી નથી.
- 36 (2) (i) (e) મુજબ પ્રશ્નનો સ્વીકાર કરવામાં આવતો નથી.

**પ્રશ્નઃ ૬૬** ડીસેમ્બર **2007** પછીથી પીવીસી બંગલા પાછળ અને રજીસ્ટ્રાર બંગલા પાછળ જુદા જુદા કામ માટે થયેલા ખર્ચ અને કુલ ખર્ચની બધી વિગત આપશો.

**ઉત્તરઃ૬૬** ડિસેમ્બર–૨૦૦૭ પછીથી પીવીસી બંગલા પાછળ રૂા.૪,૨૦,૭૮૮/– તથા રજીસ્ટ્રાર બંગલા પાછળ રૂા.૨,૪૦,૭૨૪/– જુદા જુદા કામ માટે ખર્ચ થયેલ છે.

**પ્રશ્નઃ ૬૭** સુપ્રિમ કોર્ટના જજમેંટ પછી પણ આપણી યુનિવર્સિટી રીડર અને પ્રોફેસરની જુદા જુદા ડિપાર્ટમેનટની જગ્યાઓ માટે રીઝર્વેશન રાખે છે તો તે કયા આધારે ?

**ઉત્તરઃ૬૭** સરકારશ્રીના નિયમ મુજબ રીડર અને પ્રોફેસરની જગ્યા માટે રીઝર્વેશન રાખવામાં આવે છે.

**પ્રશ્નઃ ૬૮** બી.યુ.ટી.ની છેલ્લી મીટીગ કયારે બોલાવી હતી ? અને ઘણી અગત્યની બાબતો પેન્ડીગ હોવા છતા કોના આદેશથી બોલાવાતી નથી.

**ઉત્તરઃ૬૮** બી.યુ. ટી. ની છેલ્લી મીટીગ તા. ૧૦–૦૪–૨૦૦૮ ના રોજ બોલાવી હતી.

**પ્રશ્નઃ ૬૯** યુનિવર્સિટીએ હાલમાં ઉત્તરવહી છાપવાનો કોન્ટ્રાકટ જે પાર્ટીને આપ્યા તેમના માલિકના નામ અને સરનામું આપશો. કોનટ્રાકટર ને જુદી જુદી પ્રકારની ઉત્તરવહીઓ અને પુરવણીઓ જે ભાવે આપેલ હોય તેની માહિતી અને આપેલી શરતોની નકલ આપશો. ઉત્તરવહી અને પુરવણીના કાગળની કવોલીટીની માહિતી પણ આપશો.

**ઉત્તરઃ૬૯** સિન્ડિકેટની તા. ૪ – ૨ – ૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : ૬૦ મુજબ.
- કોહીનુર ઓફસેટ, પહેલો માળ, સી.એમ.સુપર માર્કેટ, જુનાગંજ બજાર,પાટણ–૩૮૪૨૬૫.
- શરતોની નકલ સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

**પ્રશ્નઃ ૭૦** યુનિવર્સિટીના સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે પ્રથમ વર્ષ પી.જી. સેન્ટરમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને ટ્રાન્સફર આપી શકાતી નથી છતાં ઈકોનોમિકસ વિષયમાં પી.જી.ના થયેલા પ્રવેશોમાં વર્ષ **2008**માં ટ્રાન્સફર કરવામાં આવી છે તો તે કોના આદેશથી અને ટ્રાન્સફર થયેલા વિદ્યાર્થીઓની વિગત આપશો. જેણે સિન્ડિકેટના ઠરાવનો ભંગ કરી આ નિર્ણય કર્યો તેની સામે યુનિવર્સિટીએ શું પગલા લીધા ?

ઉત્તર:૭૦ અર્થશાસ્ત્ર વિષયમાં ૨૦૦૮ ના વર્ષમાં ટ્રાન્સફર કરવાનો નિર્ણય પ્રવેશ સમિતિ દ્વારા સંપૂર્ણ સહમતીથી લેવામાં આવ્યો હતો જે વિદ્યાર્થીનીની ટ્રાન્સફર કરવામાં આવી તે વિદ્યાર્થીને આરોગ્ય બાબતના મુદ્દે માનવતાના ધોરણે કરવામાં આવી હતી. આ ઉપરાંત જે તે સંસ્થા પાસેથી નો ઓબજેકશન સર્ટીફિકેટ લેવાયા બાદ જ ટ્રાન્સફર આપવામાં આવી હતી.

પ્રશ્ન:૭૧ યુનિવર્સિટીના એકટ, સ્ટેટયૂટને જોતા તપાસ સમિતિ બનાવવાની સત્તા કુલપતિ પાસે છે કે કેમ ?

ઉત્તર:૭૧ હાજી.

પ્રશ્ન:૭૨ યુનિવર્સિટીએ હાલ યોજેલા સાયન્સ કોંગ્રેસના કાર્યક્રમ માટે જુદી જુદી કોલેજ પાસેથી દાનની રકમ લીધી હતી તો શું સિન્ડિકેટના ઠરાવને આધીન લીધી હતી ? કોના આદેશથી લીધી હતી ? તે કોલેજ પાસેથી લીધેલી રકમ જણાવશો.

ઉત્તર:૭૨ દાન લીધેલ નથી.

પ્રશ્ન:૭૩ યુનિવર્સિટીમાં છેલ્લા **2008** ના વર્ષથી અત્યાર સુધી કયા વિભાગ અને શિક્ષકો દ્વારા કન્સલટન્સીના પ્રોજેકટ હાથ ધરાયા છે. સરકારની નીતિ અનુસાર યુનિવર્સિટીને આર્થિક લાભ થતો હોઈ આ સંદર્ભે પ્રોત્સાહન આપવા યુનિવર્સિટી શું કરી રહી છે ? યુનિવર્સિટીને તે દરેક પ્રોજેકટમાંથી કેટલી રકમ મળી છે.

ઉત્તર:૭૩ યુનિ.માં છેલ્લા ૨૦૦૮ ના વર્ષથી અત્યાર સુધીમાં કેમેસ્ટ્રી વિભાગના ડો. પી. બહાદૂર દ્વારા અને રૂરલ સ્ટડીઝ વિભાગના વડા દ્વારા કન્સલટન્સીના પ્રોજેકટ હાથ ધરાયા છે. **60 % / 40 %** મુજબ

- ❖ કેમેસ્ટ્રી વિભાગનો **S. C. Jhonson, Sanghai Rs. 3, 55, 912/-** કન્સલટન્સીના પ્રોજેકટ હાથ ધરાયો તેમાંથી યુનિવર્સિટીને **Rs 1,42,365/-** રકમ મળી છે.
  રૂરલ સ્ટડીઝ વિભાગનો નિર્મળ ગ્રામ પુરસ્કાર નો પ્રોજેકટ ચાલુ છે. તે કુલ **Rs 21,28,000/-** નો છે.
  તેમાંથી યુનિ. ને **Rs 6,02,235/-** રકમ મળી છે.

પ્રશ્ન:૭૪ પચ્ચીગર હોમિયોપેથીક કોલેજને ગત વર્ષે આપેલા જોડાણ સંદર્ભે જોડાણ પહેલા આપવામાં આવ્યુ અને સ્થાનિક તપાસસમિતિનો રિપોર્ટ પાછળ થી જમા કરવામાં આવેલ તો તે સંદર્ભે તારીખ સહિતની માહિતી આપશો.

ઉત્તર:૭૪ આવો કોઈ રિપોર્ટ યુનિવર્સિટીમાં જમા કરાવેલ નથી.

પ્રશ્ન:૭૫ સિન્ડિકેટની તા. ૧૭ – ૧૦ – ૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંક : (૨૩) અન્વયે શું ઠરાવવામાં આવેલું ?

ઉત્તર: ૭૫ સિન્ડિકેટની તા. ૧૭–૧૦–૨૦૦૬ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ (૨૩) નો પાઠ નીચે મુજબ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સના પ્રથમ વર્ષ બી.એ./ બી.કોમ.માં કેન્દ્રીય પ્રવેશ સમિતિ સિવાય કોઈ પ્રવેશો આપેલા હોય તો તે પ્રવેશોની નોંધણી કરવી નહી.

કેન્દ્રીય પ્રવેશ સમિતિ સિવાય ઈ.ચા.આચાર્યએ જો પ્રવેશ આપ્યા હોય તો મેનેજમેન્ટને બોલાવી ઈ.ચા. આચાર્યશ્રીને બદલવા માટેની કાર્યવાહી કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કેન્દ્રીય પ્રવેશ સમિતિ સિવાય પ્રવેશો બારોબાર અપાયા છે કે કેમ તે તપાસવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

પ્રશ્ન: ૭૫ (૧) એ ઠરાવ સંદર્ભે શું કાર્યવાહી થયેલી છે ?

ઉત્તર: ૭૫ (૧) ઠરાવ સંદર્ભે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી.

પ્રશ્ન: ૭૫ (૨) તત્કાલીન કુલપતિશ્રીએ તેમને મળેલી સત્તાની રૂએ કોઈ નિર્ણય કર્યા હતા ? શું નિર્ણય કર્યો હતો ?

ઉત્તર: ૭૫ (૨) હા, રદ કરેલ પ્રવેશો નિયમીત કર્યા હતા.

પ્રશ્ન: ૭૫ (૩) ઠરાવમાં જણાવ્યા મુજબની કેન્દ્રીય પ્રવેશ સમિતિ સિવાય ઈનચાર્જ આચાર્યે કોઈ પ્રવેશ આપ્યા હતા? એ પ્રવેશો રદ કરવામાં આવ્યા હતા ?

ઉત્તર: ૭૫ (૩) હા, હા, પરંતુ વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈ પ્રવેશો નિયમિત કરવામાં આવ્યા હતા.

**પ્રશ્નઃ** સિન્ડિકેટની તા. ૨૮/૧/૨૦૦૦ની સભાના ઠરાવ ક્રમાંક (૨૦) થી શું ઠરાવેલ છે ?

**૭૬** – આ ઠરાવમાં જણાવ્યા મુજબની કોઈ માન્યતા યુનિ. એ આપી હતી ? કોને ? કઈ તારીખે ? કયા પત્રક્રમાંકથી ? શાની માન્યતા ?

– આ ઠરાવના સંદર્ભમાં કોઈ કેસ નામદાર ટ્રિબ્યુનલશ્રી સમક્ષ નોંધાયેલ છે ? ઠરાવ થયાના આઠ વર્ષ પછી એ ઠરાવના સંદર્ભે કુલસચિવશ્રીએ કોઈ નિર્ણય લીધો છે ? એ નિર્ણયની સંબંધિત અધિકારીમંડળ કે પદાધિકારીને જાણ કરી છે ?

**ઉત્તરઃ૭૬** શ્રી ભરતભાઈ દેસાઈની ઈ.ચા. આચાર્યની માન્યતા દૂર કરી એને સિનિયર અધ્યાપકને ઈ.ચા. આચાર્ય તરીકે નીમવા, સિન્ડિકેટની તા. ૨૮–૧–૨૦૦૦ની બાબત ક્રમાંકઃ (૨૦) થી નીચે મુજબ ઠરાવેલ છે.

:: ઉપરોકત બાબતની ચર્ચા વિચારણા દરમ્યાન પ્રાધ્યાપક બી.જી. પંચાસરા અને પ્રાધ્યાપક અનિલ ગોયલે સંયુકત સહીથી નીચેનો પ્રસ્તાવ રજુ કર્યો હતો :

નવસારી કોલેજમાં ઈન્ચાર્જ આચાર્યશ્રીની માન્યતા દૂર કરવી.

મેનેજમેન્ટને શ્રીભરતભાઈ દેસાઈ સિવાય અન્ય સિનિયર અધ્યાપકને ઈન્ચાર્જ આચાર્ય તરીકે નીમવા જણાવવું.

આ ઠરાવનો અમલ થાય એ માટે આનુસંગિક કાર્યવાહી કરવી.

૬૯–સી હેઠળ પરવાનગી આપી હોય તો પરત ખેંચવી.

રાજય સરકારશ્રીને આ બાબતની જાણ કરવી.

સહી /– બી.જી. પંચાસરા

સહી/– અનિલ ગોયલ

:: આ તબકકે શ્રી હોશંગ મીરઝા અને શ્રી નૈષધ દેસાઈએ નીચે મુજબનો કાનૂની મુદ્દો રજુ કર્યો હતો.

<u>**પોઈન્ટ ઓફ ઓર્ડર**</u>

પ્રસ્તાવમાં દરખાસ્ત થયેલી બાબતો સિન્ડિકેટના અધિકારક્ષેત્રમાં નથી આવતી. શિક્ષકો અને આચાર્યો વચ્ચે મતભેદો હોય તે કારણથી ઈન્ચાર્જ આચાર્ય પદેથી તે વ્યકિતને દૂર કરી શકાય નહિ. ઈન્ચાર્જ આચાર્ય નીમવાનો સંપૂર્ણ અધિકાર સંચાલક મંડળનો છે. શિક્ષકો અને આચાર્ય વચ્ચેના મતભેદોનું નિરાકરણ બાબતની સત્તા અને જવાબદારી સંચાલક મંડળની છે. કોઈપણ કોલેજના કર્મચારીને સજા કરવાની સત્તા પણ જે તે સંચાલક મંડળની છે. સિન્ડિકેટને આવો નિર્ણય લેવાનો અધિકાર નથી. સજા કરતા પહેલા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહે છે તે પણ આ કિસ્સામા થયું નથી ઈન્ચાર્જ આચાર્ય પદેથી દૂર કરવા એ એક સજા છે અને સંચાલક મંડળના હોદ્દા પરથી દૂર કરવા જણાવવું એ પણ સજા છે. ઓર્ડિન્સ–૬૯ સી અન્વયે સિન્ડિકેટની સત્તા કે ફરજ નથી. તે તમામ સંજોગોમાં સિન્ડિકેટ આ પ્રકારનો નિર્ણય લઈ શકે નહી.

અધ્યક્ષશ્રીએ ઉપરોકત કાનૂની મુદ્દો અમાન્ય રાખ્યો હતો.

ત્યારબાદ ઉપરોકત પ્રસ્તાવ મતદાન પર મૂકાતાં, પ્રસ્તાવની તરફેણમાં ૫ મત તથા પ્રસ્તાવની વિરુધ્ધમાં ૫ મત મળ્યા હતાં. આમ બંને પક્ષે સમાન મત મળતાં અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણાયક (કાસ્ટીગ) મત પ્રા. બી.જી. પંચાસરા તથા પ્રા. અનિલ ગોયલના પ્રસ્તાવની તરફેણમાં આપતાં પ્રસ્તુત પ્રસ્તાવ પસાર થતાં, બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, નવસારી મહિલા કોલેજમાં ઈન્ચાર્જ આચાર્યશ્રીની માન્યતા દૂર કરવી. મેનેજમેન્ટને શ્રી ભરતભાઈ દેસાઈ સિવાય અન્ય સિનિયર અધ્યાપકોને ઈન્ચાર્જ આચાર્ય તરીકે નીમવા જણાવવું. આ ઠરાવનો અમલ થાય એ માટે આનુસંગિક કાર્યવાહી કરવી. ઓર્ડિન્સ–૬૯ સી હેઠળ પરવાનગી આપી હોય તો પરત ખેંચવી. રાજય સરકારશ્રીને આ બાબતની જાણ કરવી.

બહુમતીએ પસાર થયેલા ઉપરોકત ઠરાવના સંદર્ભમાં (૧) શ્રી હોશંગ મીરઝા, (૨) શ્રી નૈષધ દેસાઈ (૩) શ્રી કે.બી. પટેલ (૪) પ્રા. સૂર્યકાન્ત શાહ અને (૫) ડૉ. કે. આર. દેસાઈએ સંયુકત સહીથી નીચેની નાસંમતિની નોંધ લેખિત સ્વરુપમાં રજૂ કરી હતી :

## નાસંમતિની નોંધ

બહુમતીના નિર્ણયથી નીચેના કારણોની નાસંમત છીએ.

(૧) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભરતભાઈ દેસાઈને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પદેથી દૂર કરવાનો નિર્ણય અને સંચાલક મંડળના હોદ્દા પરથી દૂર કરવાનો નિર્ણય ગેરકાયદેસરનો અને પૂર્વગ્રહયુકત છે.

(૨) કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ છે. કોઈ ગુન્હા પુરવાર થયા નથી પણ સાંભળ્યા નથી.

(૩) સિન્ડિકેટના અધિકારક્ષેત્રના બહારની છે.

(૪) આ બાબત એજન્ડામાં–૧ માં (૨૦) માં ક્રમે હતી. ક્રમમાં બાબત લેવાને બદલે કાર્યસૂચિનાં – ૨ ની વિચારણામાં લઈ સૌથી આખરે આ બાબત વિચારણામાં લીધી અને રાત્રે ૯–૦૦ કલાકે મતદાન પર આ બાબત મુકવામાં આવી ઘણા સભ્યો સભા સ્થળ છોડી ગયા પછી આ બાબત પર વિચારણા અને મતદાન કરાવવાથી ઘણા સભ્યો મતદાનથી વંચિત રહયા છે.

સહી/– હોશંગ મીરઝા

સહી/– નૈષધ દેસાઈ

સહી/– કે. બી. પટેલ

સહી/– એસ. એસ. શાહ

સહી/– કે. આર. દેસાઈ

**પ્રશ્નઃ ૭૭** તા. ૨૪/૮/૨૦૦૪ના રોજનો ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીનો કોઈ પત્ર યુનિટના રેકર્ડ પર ઈનવર્ડ થયેલો છે ? કઈ તારીખે ? તેનો ઈનવર્ડ નંબર કયો ?

– ઈનવર્ડ ન થયેલો હોય તેવા પત્રનો સંદર્ભ ટાંકી કુલસચિવશ્રીએ કોઈ કાર્યવાહી કરેલી છે ? શું કાર્યવાહી ? કોની સાથે ?

**ઉત્તરઃ૭૭** હાજી, પત્રની નકલ આ સાથે **પરિશિષ્ટ : ' ક '** તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટઃ ' ક ' )**

**પ્રશ્નઃ ૭૮** પત્રાંક કુ.શ/પી.એ.આર/૧૫૩૨/૨૦૦૭ તા.૯/૩/૨૦૦૭નો પત્ર કુલસચિવશ્રીએ કોના આદેશથી લખેલો છે ? કોને લખેલો છે ? આ પત્રની વિગત સિન્ડિકેટના કોઈ ઠરાવને સુસંગત છે ? કયા ?

**ઉત્તરઃ૭૮** મા. કુલપતિશ્રીના.

**પ્રશ્નઃ ૭૯** પત્રાંક લિગલ સેલ ૬૧૨૬ તા. ૭/૬૨૦૦૮ કુલસચિવશ્રીએ કોના આદેશથી કોને લખેલો છે ? આ આદેશ રેકોર્ડ પર ?

**ઉત્તરઃ૭૯** આ પત્ર કુલસચિવશ્રીએ યુનિવર્સિટી એફીલેશન (જોડાણ) ના નિયમ મુજબ શ્રી અજીતભાઈ એન.દેસાઈ, પ્રમુખશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી મહિલા કેળવણી મંડળ, નવસારીને તેઓશ્રી દ્વારા સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીના વોચમેનનો પગાર કરવા અંગે કુલપતિશ્રીના આદેશાનુસાર લખેલ છે.

**પ્રશ્નઃ ૮૦** પત્રાંક એસ/સ્ટાફ માહિતી ૧૩૩૭૮/૨૦૦૮ તા. ૧૫/૧૨/૨૦૦૮ દ્વારા કુલસચિવશ્રીએ કયા સ્ટાફની માહિતી માગી છે ? કોની પાસે માગી છે ? આ માહિતી ઓર્ડિનન્સ ૩૭(ડી) સાથે સુસંગત છે ?

**ઉત્તરઃ૮૦**
– શૈક્ષણિક સ્ટાફની સિનિયોરીટીની માહિતી માંગેલ હતી.
– ટ્રસ્ટના પ્રમુખ પાસે.
– હાજી.

**પ્રશ્નઃ ૮૧** યુનિ.નાં કયા કયા નાણાકીય વર્ષોનાં હિસાબો ઓડિટ કરવાના બાકી છે ? જો એ બાકી હોય તો શા કારણે બાકી છે ?

**ઉત્તરઃ૮૧** યુનિવર્સિટીમાં લોકલ ફંડ તથા એ. જી. રાજકોટના સરકારી ઓડિટ થાય છે. જેમાં લોકલ ફંડ દ્વારા સને ૨૦૦૪ : ૦૫ સુધીનું તથા એ. જી. રાજકોટ દ્વારા સને ૨૦૦૧ : ૦૨ સુધીનુ ઓડિટ થયેલ છે.

**પ્રશ્નઃ ૮૨** યુનિ. ના કયાં કયાં ડીપાર્ટમેન્ટોએ કઈ કઈ કોન્ફરન્સીસ/ વર્કશોપ યોજયાં છે ? એ માટે કેટલા નાણા ઉઘરાવવામાં આવ્યા છે ? એ કોન્ફરન્સીસ/ વર્કશોપને યુનિ. અનએસાઈન ગ્રાન્ટમાંથી કેટલા કેટલા નાણા કોને કોને, કયારે કયારે ફાળવવામાં આવ્યા છે ? એ પુરેપુરા વપરાયેલા છે ? એના હિસાબો ઓડિટ થયેલા છે ?

**ઉત્તરઃ૮૨** સભા સમયે માહિતી ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

**પ્રશ્નઃ૮૨ (૧)** જો આવી કોઈ ડીપાર્ટમેન્ટ દ્વારા કોઈ કોન્ફરન્સ યોજાય હોય,એમને યુજીસી અનએસાઈન ગ્રાન્ટ માંથી નાણા ફાળવવામાં આવ્યા હોય, જે તે કોન્ફરન્સ માટે એમણે લોકફાળો ઉઘરાવ્યો હોય,તો પછી નફો/ બચત / થયાં હોય તો યુજીસીનાં નિયમ પ્રમાણે જે તે ડીપાર્ટમેન્ટે યુજીસી અનએસાઈન ગ્રાન્ટના નાણાં પરત આપ્યાં છે ? કોઈ વિભાગે યોજેલી કોઈ કોન્ફરન્સમાં રૂા. ૭૦૦૦૦/– ની આસપાસની રકમ યુજીસીની લીધેલી રકમ ફરી જમા કરાવી છે ? જો ન કરાવી હોય તો તેનાં કારણો આપો ?

**ઉત્તરઃ૮૨(૧)** યુ. જી. સી. અનએસાઈન ગ્રાન્ટમાંથી ભૌતીકશાસ્ત્ર વિભાગ, રસાયણશાસ્ત્ર વિભાગ, કમ્પરેટીવ લીટરેચર વિભાગ, અને એચ. આર. ડી. વિભાગને નાણાની ફાળવણી કરવામાં આવી છે, વિગત સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

**પ્રશ્નઃ ૮૩** યુનિ. નાં કોઈપણ નાણાકીય વ્યવહાર માટે મુખ્ય હિસાબનીસે જરૂરી તમામ કાગળો/બીલ/ દસ્તાવેજો તપાસી નાણા ચુકવણીની ભલામણ કરી હોય અને છતાં એ ભલામણને બાજુએ રાખી નાણા ચૂકવણી થતી નથી કે કરવામાં આવતી નથી ત્યારે એ ન ચૂકવવાનાં કારણો અને તે કારણોને માટેનો કોઈ બંધારણીય/ નિયમ કે આધાર કે કોઈ અધિકૃત બોડીએ કરેલા ઠરાવનો હવાલો આપવામાં આવે છે ? આ પ્રકારના કેટલા નાણા કયા કયા લેણદારોને ચૂકવવાના બાકી છે ? અને જો એ બાકી હોય તો તેના કારણો કયા ?

**ઉત્તરઃ૮૩** મુખ્ય હિસાબનીશ નાણાંકીય ચુકવણુ કરવાનો નિર્ણય કરવા માટે સક્ષમ અધિકારી નથી.

**પ્રશ્નઃ ૮૪** યુનિ.ના બજેટના હેવાલોમાં યુનિ. ના જુદા જુદા ડીપાર્ટમેન્ટના જુદા જુદા વિદ્યાર્થી મંડળના આર્થિક વ્યવહાર કે પ્રવૃત્તિની નોંધ લેવાની પરંપરા છે ?

**ઉત્તરઃ૮૪** નાજી.

**(૩)** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે સૂચવેલ સુધારા–વધારા સાથે રજૂ કરેલ ૪૨મો વાર્ષિક અહેવાલ ( ૨૦૦૭–૨૦૦૮ ) પર વિચારણા કરવા બાબત.

**" સિન્ડિકેટ તરફથી શ્રી દિપકભાઈ આફિકાવાલાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ ટેકો આપ્યો હતો. "**

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ–૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે."

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અહેવાલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.**

**(૪)** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ ❖ અન્વયે સિન્ડિકેટ તૈયાર કરેલ અને કલમ –૫૦ (૪) અન્વયે, રજૂ કરેલ યુનિવર્સિટીનું સનેઃ ૨૦૦૮–૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર તથા સનેઃ ૨૦૦૯–૨૦૧૦ નું અંદાજપત્ર.

**" સિન્ડિકેટ તરફથી આ.શ્રી જયંતિલાલ મગનલાલ નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. "**

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સનેઃ ૨૦૦૮–૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૯–૨૦૧૦ ના અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અંદાજપત્રો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.**

**(૫)** એકટ ૧૫ (૧૦) અન્વયે સ્ટેટયૂટ ૧૯૯ સંદર્ભમાં સને ૨૦૦૭–૦૮ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલની વિચારણા કરવા બાબત.

**" સિન્ડિકેટ તરફથી શ્રી જીગ્નેશ ઉમાકાંતભાઈ કોન્ટ્રાકટરે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ ટેકો આપ્યો હતો. "**

:: **ચર્ચા વિચારણાને અંતે સને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષનો યુનિવર્સિટીનો બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ પરિશિષ્ટઃ ' ખ ' હેઠળ આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટ : ' ખ ' )**

(૬) સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ ની અંદર ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી આમે જ કરવા અંગે કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસસમિતિની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખા અને એકેડેમિક કાઉન્સિલે સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૬–૦૭–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩ અન્વયે નીચે મુજબ સ્વીકારેલ હોય તેની પર વિચારણા કરવા બાબત.

**કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસસમિતિની તા. ૦૩–૦૪–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૬**

કોમ્પ્યુટર સાયન્સ એક વિસ્તૃત અને ઈન્ટર ડીસીપ્લીનરી પ્રોગ્રામ તરીકે વિકાસ પામ્યુ છે. અને એની ચોકકસ જરૂરીયાતો અને પ્રશ્નોના નિકાલ યોગ્ય રીતે થઈ શકે અને આ અભ્યાસક્રમોનો યોગ્ય વિકાસ થઈ શકે એ માટે કોમ્પ્યુટર સાયન્સની ફેકલ્ટીની અલગ રચના કરવા માટે વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવી.

**વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૦૯–૦૪–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સની ફેકલ્ટી બનાવવા અંગે સુધારેલો સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

**<u>સ્ટેટયૂટ – ૧૦૬</u>**

**<u>(11) FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

Computer Science
Information Technology
Information & Communication Technology
Bio-Informatics

**<u>સ્ટેટયૂટ – ૧૨૦</u>**

**<u>17. FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

78. Computer Science
79. Information Technology
80. Information & Communication Technology
81. Bio-Informatics

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૦૪–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૫૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સની ફેકલ્ટી બનાવવા અંગે સુધારેલો સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ નો પાઠ નીચે પ્રમાણે આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>સ્ટેટયૂટ – ૧૦૬</u>**

**<u>(11) FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

Computer Science
Information Technology
Information & Communication Technology
Bio-Informatics

**<u>સ્ટેટયૂટ – ૧૨૦</u>**

**<u>17. FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

78. Computer Science
79. Information Technology
80. Information & Communication Technology
81. Bio-Informatics

**<u>સિન્ડિકેટની તા. ૧૬–૦૭–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારી સેનેટને ભલામણ કરવી અને સેનેટમાં આ દરખાસ્ત શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા પાસે મુવ (MOVE) કરાવવી.

**" સિન્ડિકેટ તરફથી શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ. અપૂર્વભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. "**

"સેનેટની આ સભા સ્ટેટયૂટ ૧૦૬ અને ૧૨૦ માં સિન્ડીકેટની તા. ૧૬–૭–૨૦૦૮ની સભાની ભલામણ ક્રમાંક ૧૩(ઉપર મુજબ)ને સ્વીકારે છે તથા ઉપરોકત ભલામણ પર વિચારણા કરી નોંધ લે છે અને માનનીય કુલાધિપતીશ્રીની મંજૂરી માટે ભલામણ કરે છે.

**:: ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ ૧૦૬ અને ૧૨૦ ની ઉપરોકત સિન્ડિકેટની ભલામણ માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે.**

(૭) તબીબી વિદ્યાશાખા હેઠળ આવતી હોમિયોપેથીક અભ્યાસસમિતિની હોમયોપેથી ફેકલ્ટી તરીકે અલગ રચના કરવા અંગે તબીબી

વિદ્યાશાખાની તા. ૨૬–૦૮–૦૮ ની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૮–૦૧–૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૬ થી સ્વીકારી તે મુજબ સ્ટેટયૂટ – ૧૦૬, સ્ટેટયૂટ – ૧૨૦ અને સ્ટેટયૂટ – ૨૨૯ નો પાઠ નીચે પ્રમાણે આમે જ કરવા સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટવતી માનનીય કુલપતિશ્રીએ સ્વીકારેલ હોય તેની પર વિચારણા કરવા બાબત.

**<u>તબીબી વિદ્યાશાખાની તા. ૨૬–૦૮–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, હોમિયોપેથી ફેકલ્ટી અલગ બનાવવા તેમજ તેને લગતા સ્ટેટયૂટ – ૧૦૬, સ્ટેટયૂટ – ૧૨૦ અને સ્ટેટયૂટ – ૨૨૯ સુધારવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮–૦૧–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૮૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, હોમિયોપેથી ફેકલ્ટી અલગ બનાવવા તેમજ તેને લગતા સ્ટેટયૂટ – ૧૦૬, સ્ટેટયૂટ – ૧૨૦ અને સ્ટેટયૂટ – ૨૨૯ નો પાઠ નીચે પ્રમાણે આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>સ્ટેટયૂટ – ૧૦૬</u>**

**(13) <u>FACULTY OF HOMEOPATHY</u>**

(1) Preclinical Subject including Anatomy, Physiology & Biochemistry and Homeopathic Pharmacy & other subject of self & social devlopment i.e. yoga etc.
(2) Para clinical subject including Pathology & Microbiology, Forensic Medicine & Toxicology, Community Medicine, Organon of Medicine.
(3) Clincial subject including Practice of Medicine, Surgery, Obstetric & Gyanecology, Case Taking & Repertory, Homoeopathic Materia Medica.
(4) Post Graduation Paraclinical including organon of Medicine.
(5) Post Graduation clinical including Materia Medica, Case Taking & Repertory, Practice of Medicine, Paediatric and Psychiatry.

**<u>સ્ટેટયૂટ – ૧૨૦</u>**

**(14) <u>FACULTY OF HOMEOPATHY</u>**

(1) Preclinical Subject including Anatomy, Physiology & Biochemistry and Homeopathic Pharmacy & other subject of self & social devlopment i.e. yoga etc.
(2) Para clinical subject including Pathology & Microbiology, Forensic Medicine & Toxicology, Community Medicine, Organon of Medicine.
(3) Clincial subject including Practice of Medicine, Surgery, Obstetric & Gyanecology, Case Taking & Repertory, Homoeopathic Materia Medica.
(4) Post Graduation Paraclinical including organon of Medicine.
(5) Post Graduation clinical including Materia Medica, Case Taking & Repertory, Practice of Medicine, Paediatric and Psychiatry.

**<u>સ્ટેટયૂટ – ૨૨૯</u>**

**(15) <u>FACULTY OF HOMEOPATHY</u>**

Bachelor of Homeopathic Medicine & Surgery (B.H.M.S.)

**" સિન્ડિકેટ તરફથી ડૉ. માંકન્ડભાઈ ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ. મહેન્દ્રભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો. "**

" સેનેટની આ સભા સ્ટેટયૂટ ૧૦૬ અને ૧૨૦ મા. કુલપતિશ્રીએ સિન્ડીકેટ વતી મંજૂર કરેલ છે તેની સેનેટની આ સભા વિચારણા કરી નોંધ લે છે અને માનનીય કુલાધિપતીશ્રીની મંજૂરી માટે ભલામણ કરે છે.

**:: ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ ૧૦૬ અને ૧૨૦ ની ઉપરોકત ભલામણ માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે.**

(૮) યુનિવર્સિટી એક્ટ **16(1) Class II Ordinary Members (A) (iv) (e)** મુજબ યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીના મતદાર વિભાગ માટે લાગુ પડતો મતદાર વિભાગ **Statute 12(A)** તેમજ યુનિવર્સિટી એક્ટ **2(16) SCHEDULE (Act Page No. 58)** માં યુનિવર્સિટી વિસ્તારનાં જીલ્લાઓનું વિભાજન થવાથી તેમજ નવા જીલ્લા અસ્તિત્વમાં આવતા તે જીલ્લાઓને એક્ટ **2(16) SCHEDULE** માં તેમજ જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીને **Statute 12(A)** માં નવો આમેજ કરેલ તેમજ નામમાં થયેલ સુધારેલ જીલ્લાઓની બાબત સેનેટની તા.૨૫–૩–૨૦૦૮ની સભામાં ક્રમાંકઃ (૭) થી વિચારણા કરતા સિન્ડિકેટ સમક્ષ પુનઃ વિચારણા કરવા ઠરાવતા, સિન્ડિકેટની તા. ૨૪–૯–૨૦૦૮ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૩) થી હાલના એક્ટ અને સ્ટેટ્યૂટના લાગુ પડતા ભાગમાં નીચે મુજબ સુધારા/ વધારા કરીને સેનેટને ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, **Act.** ના **Schedule** માં ક્રમઃ ૨ માં **Bulsar** ને બદલે **Valsad** અને **Broach** ને બદલે **Bharuch** કરવા તથા ક્રમ ૫, ૬, ૭ નો ઉમેરો કરવા રાજ્ય સરકારને ભલામણ કરવી તથા **Statute 12 (A)** નાં ક્રમ **1** (એક)માં **Broach** ને બદલે **Bharuch** કરવા અને ક્રમઃ ૨ માં **Bulsar** ને બદલે **Valsad** કરવા તથા ક્રમ ૫, ૬, ૭ નો ઉમેરો કરવા પ્રસ્તુત સ્ટેટ્યૂટમાં સુધારો કરવા માટે સેનેટને ભલામણ કરવી.:

**<u>Act 2 (16) Schedule</u>**

| **ક્રમ** | **પ્રવર્તમાન Act 2 (16) Schedule** | **સિન્ડિકેટની ભલામણ મુજબ સુધારેલ Act 2 (16) Schedule** |
|---|---|---|
| 1 | Surat District | Surat District |
| 2 | Bulsar District | **Valsad** District |
| 3 | Broach District | **Bharuch** District |
| 4 | Dangs District | Dangs District |
| 5 | -- | **Narmada District** |
| 6. | -- | **Navsari District** |
| 7 | -- | **Tapi District** |

**<u>Statute 12 (A)</u>**

| **ક્રમ** | **પ્રવર્તમાન Statute (12) (A)** | **સિન્ડિકેટની ભલામણ મુજબ સુધારેલ Statute (12) (A)** |
|---|---|---|
| 1 | President, District Panchayat, Broach | President, District Panchayat, Bharuch. |
| 2 | President, District Panchayat, Bulsar | President, District Panchayat, Valsad. |
| 3 | President, District Panchayat, Surat. | President, District Panchayat, Surat. |
| 4 | President, District Panchayat, Dangs. | President, District Panchayat, Dangs. |
| 5 | --- | **President, District Panchayat, Narmad.** |
| 6. | --- | **President, District Panchayat, Navsari.** |
| 7 | --- | **President, District Panchayat, Tapi.** |

**" સિન્ડિકેટ તરફથી શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણે ટેકો આપ્યો હતો. "**

" સેનેટની આ સભા યુનિવર્સિટી એક્ટ ૨(૧૬) સીડયુલ્ડ અને સ્ટેટ્યુટ ૧૨ (એ) સિન્ડીકેટની તા. ૨૪–૯–૨૦૦૮ની સભાની ભલામણ ક્રમાંક ૩(ઉપર મુજબ)ને સ્વીકારે છે તથા ઉપરોક્ત ભલામણ પર વિચારણા કરી નોંધ લે છે. સ્ટેટ્યુટમાં જરૂરી સુધારા માટે માનનીય કુલાધિપતીશ્રીની મંજૂરી માટે ભલામણ કરે છે અને એક્ટમાં સુધારા માટે સરકારશ્રીને ભલામણ કરે છે."

**:: ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે યુનિવર્સિટી એક્ટ ૨ (૧૬) સીડયુલ્ડ મુજબ નવા જિલ્લા આમેજ કરી યુનિવર્સિટી એક્ટ ૨ (૧૬) સરકારશ્રીને (વિધાનસભાને) મંજૂર કરવા તેમજ સ્ટેટ્યૂટ ૧૨ (એ) માનનીય કુલાધિપતિશ્રીને મંજૂર કરવા ભલામણ કરે છે.**

(૯) સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ હેઠળ ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડીઝાઈન આમે જ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૦૫–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૧ અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૬–૦૭–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૧ થી સ્વીકારી સેનેટને તે મંજૂર કરવા કરેલ ભલામણ અન્વયે પ્રસ્તુત સૂચિત સુધારેલ સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ નો આ સાથે સામેલ છે.

**(નોંધ :– પ્રવર્તમાન સ્ટેટયૂટ – ૧૦૬, સ્ટેટયૂટ – ૧૨૦ નીચે પ્રમાણે સુધારેલ છે.)**

**(૧)** **સ્ટેટયૂટ –૧૦૬** હેઠળ (૫) ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઈન્કલુડીગ એન્જિનીયરીંગ (E)(I) માં ક્રમે આવતો આર્કિટેકચરલ એન્જિનીયરીંગ શબ્દ રદ કરી સ્ટેટયૂટ ૧૦૬(૧૨)માં ક્રમે ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડીઝાઈન એમ ઉમેરવું અને સુધારેલો સ્ટેટયૂટ– ૧૦૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો.

**સ્ટેટયૂટ – ૧૦૬**

**(12) Faculty of Architecture & Design**

Architecture

Interior Design

**(૨)** **સ્ટેટયૂટ–૧૨૦** માં (૪) ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઈન્કલુડીગ એન્જિનીયરીંગ હેઠળના વિષયો પૈકી અનુક્રમ નં. ૪૭ પરથી આર્કિટેકચરલ એન્જિનીયરીંગ વિષય રદ કરી અનુક્રમ નં. ૧૮ પર ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડીઝાઈન રાખવું અને સુધારેલો સ્ટેટયૂટ –૧૨૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો.

**સ્ટેટયૂટ – ૧૨૦**

**18. Faculty of Architecture & Design**

82. Architecture

83. Interior Design

**સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ રજૂ કરવાની શ્રી નૈમિષ કમલેશભાઈ ઝવેરીએ નોટીસ આપી છે :**

**" સિન્ડિકેટ તરફથી શ્રી નૈમિષ કમલેશભાઈ ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ ટેકો આપ્યો હતો. "**

"સેનેટની આ સભા સ્ટેટયૂટ ૧૦૬ અને ૧૨૦ માં સિન્ડીકેટની તા. ૧૬–૭–૨૦૦૮ની સભાની ભલામણ ક્રમાંક ૨૧ (ઉપર મુજબ)ને સ્વીકારે છે તથા ઉપરોકત ભલામણ પર વિચારણા કરી નોંધ લે છે અને માનનીય કુલાધિપતીશ્રીની મંજૂરી માટે ભલામણ કરે છે."

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ ૧૦૬ અને ૧૨૦ સિન્ડિકેટની ઉપરોકત ભલામણ માનનીય કુલાધિપતિશ્રીને મંજૂર કરવા મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે.**

**(૧૦) <u>સિન્ડીકેટના ઠરાવ મુજબ જુદા જુદા ઓર્ડીનન્સમાં પસાર કરેલ સુધારા અંગે સિન્ડીકેટ સભ્યશ્રી (ડૉ.) યુ. ટી. દેસાઈનો પ્રસ્તાવ</u>**

(a) સિન્ડિકેટે તેની તા. ૨૪–૦૯–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૭ અન્વયે સૂચવેલ સુધારા મુજબ ઓર્ડીનન્સ મુજબ ૪૧ (૧) મંજૂર કરેલ હોય તેને સેનેટની આ સભા નોંધ લે છે.

**<u>O. 41 (1)</u> :**

The Principal of an affiliated College shall forward to the Registrar of the University latest by the 31st of August every year, all the applications of the students eligible for admission to this University under the relevant provisions of Statute 223, and admitted to the First Year of the Degree Course of this University for enrolment and shall at the same time pay a fee of **Rs. 50/- per application**. The Principal shall carefully scrutinize the enrolment application of each student before granting him / her admission. subject to the approval of the University. Pending such approval, the admission granted by the Principal to a student shall be at the risk of the respective student.

Notwithstanding anything contained herein above, **Vice Chancellor shall have power to extend the last date in special circumstances.** the University may accept late applications for enrolment upto the end of the first term of the academic year, provided that **a late fee of Rs. 250/- per application be charged for applications submitted from 1st September to 15th September and a late fee of Rs. 500/- per application be charged for application submitted from 16th September till the last working day of the 1st term of every academic year, provided further that the** reasons for late submission are acceptable to the University. No application for enrolment shall however be accepted by the University in any case after the end of the first term of the academic year in which the admission is made and the attendance or Term / Terms kept by the student whose application not received before due date or whose delay in submitting the application is not condoned, shall be treated as cancelled.

(b) પ્રવર્તમાન ઓ. ૩૭ માં નીચે પ્રમાણેનો પાઠ (૩૭ સી ) સિન્ડિકેટે તેની તા. ૯ – ૫–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૧/૭૨ અન્વયે મંજૂર કરેલ હોય તેની સેનેટની આ સભા નોંધ લે છે.

**O. 37-C :**

**(i)** There shall be a Head of the Department for each Department to be appointed by the Syndciate as per the Provisions made in Statute - 293.

**(ii)** For the purpose of appointment, the seniority shall be counted on the basis of the Date of Joining as a Reader or Professor, as the case may be irrespective of whether the appointment is made under Direct Recruitment of Career Advancement Scheme.

**(iii)** This Ordinance shall be applicable forthwith. The Syndicate shall make necessary changes/ alterations in the appointments made earlier in order to give effect of this provision.

(b) પ્રવર્તમાન ઓ. ૩૭ માં નીચે પ્રમાણેનો પાઠ (૩૭ ડી ) સિન્ડિકેટે તેની તા. ૨૪ – ૯–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૭ અન્વયે મંજૂર કરેલ હોય તેની સેનેટની આ સભા નોંધ લે છે.

**O : 37-D: APPOINTMENT OF IN CHARGE PRINCIPAL IN AFFILIATED COLLEGE ;**

Every College must have a full-time qualified approved Principal as a head of a college. In case of permanent vacancy of the Principal caused by the death, retirement, resignation, termination of services or vacancy due to any other reason, the College Management shall appoint In-Charge Principal from amongst the approved teachers, subject to the following conditions:

1. Such appointment shall be made from amongst the three senior most approved teachers who possess the required qualifications for the post of Principal.
2. In case no teacher possesses the required qualification for the post of Principal, one of the approved teachers from amongst the first three senior most teachers, be appointed.
3. This Ordinance shall be made applicable forthwith in all the colleges/institutes in which the post of Principal is vacant.
4. The college management shall take the approval of the University of the teacher so appointed.In all types of dealings with the University, State Government, UGC, AICTE, NCTE, such other bodies and agencies, the authority of only such an approved In- charge Principal shall be valid.

**" સિન્ડિકેટ તરફથી આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ. પ્રવિણચંદ્ર એચ. ભાઠાવાલાએ ટેકો આપ્યો હતો. "**

**:: ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સેનેટની આ સભા ઓર્ડીનન્સ ૩૭ (સી) અને(ડી) અને ૪૧ (૧)માં નીચેનો સિન્ડીકેટે લીધેલ નિર્ણયોને સ્વીકારી નોંધ લે છે.**

**<u>શ્રી ગોરાંગભાઈ વૈદ્યે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

(૧૧) " આપણી યુનિવર્સિટીની એકટની જોગવાઈ મુજબની ભાષા ગુજરાતી હોવાથી યુનિ. તાત્કાલીક તેનો એકટ– સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સ ગુજરાતી ભાષામાં પબ્લીશ કરે એવો આથી આજની સેનેટ ઠરાવ પસાર કરેલ છે."

**:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી ગૌરાંગભાઈ વૈદ્યે પરત ખેંચ્યો હતો.**

**<u>શ્રી કેતનભાઈ સી. દેસાઈએ નીચેના પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી છે : (૧૨ થી ૧૭)</u>**

(૧૨) યુનિવર્સિટીમાં યોજાતા વર્કશોપ, સેમીનાર, કોન્ફરન્સ વગેરે માટે કે **Examiner** માટે યુનિવર્સિટીને અનુરૂપ રહેવાની સગવડ માટે ૫૦ રૂમો ધરાવતા ગેસ્ટ – હાઉસ (ડબલ બેડ) જેમાં ૧૦૦ વ્યકિતઓ રહી શકે એવી વ્યવસ્થા ઊભી થાય એવો ઠરાવ કરવાની વિનંતી કરું છું.

**:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી કેતનભાઈ સી. દેસાઈ પરત ખેંચ્યો હતો.**

(૧૩) યુનિવર્સિટીમાં વિવિધ ડીપાર્ટમેન્ટ કે યુનિવર્સિટીનાં પ્રોગ્રામો માટે એક **700** થી **1000** વ્યકિતનો સમાવેશ થાય એવું **Aditorium** ની વ્યવસ્થા થાય એવો ઠરાવ કરવાની પ્રસ્તાવ રજૂ કરું છું.

**:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી કેતનભાઈ સી. દેસાઈ પરત ખેંચ્યો હતો.**

(૧૪) યુનિવર્સિટી સેનેટ હોલ સંપૂર્ણ નવો બને અને તે ગેસ – બેઈઝ A. C. હોય જે જરૂરી હોય એવો ઠરાવ કરવા માટે પ્રસ્તાવ રજૂ કરું છું?

**:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી કેતનભાઈ સી. દેસાઈ પરત ખેંચ્યો હતો.**

(૧૫) પ્રેકટીકલ માટેના અને પરિક્ષાના Remunaration માટેની વિસંગતતા દૂર કરવા માટે ઠરાવ કરવાનો પ્રસ્તાવ રજૂ કરું છું.

**:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી કેતનભાઈ સી. દેસાઈ પરત ખેંચ્યો હતો.**

(૧૬) Examiner appointementમાં Grade point upgrade કરવા માટે જરૂરી વ્યવસ્થા ઊભી થવી જોઈએ. એનો ચુસ્તપણે અમલ થાય એ માટે ઠરાવ કરવા પ્રસ્તાવ રજૂ કરું છું.

**:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી કેતનભાઈ સી. દેસાઈ પરત ખેંચ્યો હતો.**

(૧૭) ધો. ૧૨ પછી ના Medical/ Eng. માં એડમીશન વહેલી તકે શરૂ થાય તે વિદ્યાર્થીના હિતમાં સરકારને સેનેટ દ્વારા વિનંતી થાય એવો ઠરાવ કરવા પ્રસ્તાવ રજૂ કરું છું ?

:: **પ્રસ્તુત પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.**

(૧૮) Practical માં 130ની ઉપર માર્ક આવે તો ચેરમેનશ્રીને Supplementory શીલ કરી ચેક કરવા મોકલવી, એ માટે ઠરાવ કરવા પ્રસ્તાવ રજૂ કરું છું.

:: **પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી કેતનભાઈ સી. દેસાઈ પરત ખેંચ્યો હતો.**

(૧૯) પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીનો અહેવાલ.

:: **કુલસચિવ તરફથી પરિશિષ્ટ: ' ગ' માં જણાવેલ અહેવાલની સર્વાનુમતે નોંધ લેવામાં આવી હતી.**

**(પરિશિષ્ટ: ' ગ' )**

(૨૦) સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રીએ ડૉ. સી. એમ. દેસાઈને ડોકટર ઓફ સાયન્સની માનદ પદવી એનાયત કરવા મોકલેલ દરખાસ્ત અન્વયે સિન્ડીકેટને કરેલ ભલામણ સિન્ડીકેટે તેની તા. ૪–૨–૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક ૫૪ થી નીચે મુજબ સેનેટને ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૫ – ૧૦ – ૨૦૦૮ની કાર્યવાહીને બહાલી અપાયા બાદ બાબત ક્રમાંક : ૫૪ ને પ્રાયોરીટી આપવા સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગ મીરઝાએ કરેલી દરખાસ્ત માન્ય કુલપતિશ્રીએ ગ્રાહ્ય રાખી હતી ડૉ. સી. એમ. દેસાઈને ડી. સાયન્સની માનદ પદવી એનાયત કરવા સર્વાનુમતે સેનેટને ભલામણ કરવા નિર્ણય કર્યો હતો. પ્રસ્તુત બાબતની દરખાસ્ત સેનેટ સમક્ષ મા. સિન્ડિકેટ સભ્ય **શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા** કરશે. બાબત ૫૪ની વિચારણા અને તે સંદર્ભે થયેલા નિર્ણય સમયે સભાગૃહમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણેહતી.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. બી. એ. પ્રજાપતિ (મા. કુલપતિશ્રી) | (૨) | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ |
| (૩) | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | (૪) | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ |
| (૫) | ડૉ. શશીકાંત જી. શાહ | (૬) | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા |
| (૭) | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | (૮) | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા |
| (૯) | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | (૧૦) | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી |
| (૧૧) | આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | (૧૨) | શ્રી મયુરભાઈ ચૌહાણ |
| (૧૩) | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | (૧૪) | શ્રી દિનેશભાઈ દાસા |
| (૧૫) | ડૉ.ઘનશ્યામભાઈ રાવલ | | |

**સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ રજૂ કરવાની શ્રી દિપકભાઈ ઈશ્વરલાલ આફ્રિકાવાલાએ નોટીસ આપી છે**

**" સિન્ડિકેટ તરફથી શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને સભામાં હાજર તમામ ૮૧ સભ્યોએ ટેકો આપ્યો હતો. "**

" સેનેટની આ સભા સિન્ડીકેટની તા. ૪–૩–૨૦૦૯ની સભાની ભલામણ ક્રમાંક ૫૪(ઉપર મુજબ)ને સ્વીકારે છે

:: **ડૉ. સી.એમ. દેસાઈને ડૉક્ટર ઓફ સાયન્સની માનદ્ પદવી એનાયત કરવા માટે માનનીય સિન્ડિકેટ સભ્ય શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ મૂકેલી દરખાસ્તને ACT (46) ની જોગવાઈ મુજબ હાજર રહેલા (૮૧) સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડૉ. સી.એમ. દેસાઈની શૈક્ષણિક પ્રવૃતિઓની વિશદ છણાવટની વિગતનું અંગ્રેજી વર્ઝન કરવા ડૉ. એ.જી. મહેતાને અધિકૃત કરવામાં આવે છે.**

**હુકમથી,**
**Sd/-**
**(શ્રી. જે. આર. મહેતા)**
**કુલસચિવ**

ક્રમાંક: એસ–૩ (૧)/૩૭૬૮ / ૨૦૦૯
યુનિવર્સિટી કાર્યાલય,
સુરત, તા.૨૧–૪– ૨૦૦૯
**પ્રકાશક :** શ્રી. જે. આર. મહેતા, કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત – ૭.
પ્રતિ,
સેનેટના સર્વ સભ્યશ્રીઓ.........